# Prime Minister's meeting with Prime Minister of Nepal on the sidelines of COP26 in Glasgow, UK

November 02, 2021

# ગ્લાસગો, યુકેમાં COP26 દરમિયાન નેપાળના પ્રધાનમંત્રી સાથે પ્રધાનમંત્રીની મુલાકાત

**નવેમ્બર 2, 2021**

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી નેપાળના પ્રધાનમંત્રી મહામહિમ શ્રી શેર બહાદુર દેઉબાને 2 નવેમ્બર 2021ના રોજ ગ્લાસગો, યુનાઇટેડ કિંગડમમાં COP26 સમિટ દરમિયાન મળ્યા હતા.

2. બંને નેતાઓએ કોવિડ-19 રોગચાળા સામે ચાલી રહેલા પ્રયાસોના સંદર્ભમાં સહિત દ્વિપક્ષીય સહયોગને વધુ મજબૂત કરવાની રીતો પર ચર્ચા કરી. બંને નેતાઓએ રોગચાળા દરમિયાન ભારત અને નેપાળ વચ્ચેના ઉત્કૃષ્ટ સહકારની નોંધ લીધી હતી, ખાસ કરીને ભારતથી નેપાળમાં રસીઓ, દવાઓ અને તબીબી સાધનોની સપ્લાય તેમજ સરહદો પાર માલના મુક્ત પ્રવાહને સુનિશ્ચિત કરીને. બંને નેતાઓ મહામારી પછીની પુનઃપ્રાપ્તિ તરફ નજીકથી કામ કરવા માટે પણ સંમત થયા હતા.

3. આ વર્ષે જુલાઈમાં જ્યારે શ્રી દેઉબાએ નેપાળના પ્રધાનમંત્રી તરીકે કાર્યભાર સંભાળ્યો ત્યારે તેમની વચ્ચે ટેલિફોન વાતચીત પછી પ્રધાનમંત્રી દેઉબા સાથે પ્રધાનમંત્રી મોદીની આ પ્રથમ મુલાકાત હતી.

**ગ્લાસગો**
**નવેમ્બર 2, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.